Delhi Books Collection Digitized By eGangotri

સુદામા ચરિત્ર

કોં
૪૩

સસ્તુ સાહિત્ય

મહાકવિ પ્રેમાનંદ રચિત

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

૪૦ પૈસા

Delhi Books Collection Digitized By eGangotri

Delhi Books Collection Digitized By eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

મહાકવિ પ્રેમાનંદ કૃત

સુદામાચરિત્ર

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨

★

स्कैन्ड / Scanned

૪૦ પૈસા

Delhi Books Collection Digitized By eGangotri

સંવત ૨૦૩૦ : આવૃત્તિ છઠ્ઠી : ઈ. સ. ૧૯૭૪

© સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

x ।

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, : ભદ્ર : અમદાવાદ

Delhi Books Collection Digitized By eGangotri

નિવેદન

આ પુસ્તકની પુનર્મુદ્રણરૂપે આ છઠ્ઠી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે.

પ્રાચીન અને અર્વાચીન ગુજરાતી પદ્ય—સાહિત્યમાં મહાકવિ પ્રેમાનંદનું સ્થાન અદ્વિતીય છે,

તેમની કવિતાઓમાં સ્વાભાવિકતા અને સરળતા વિશેષ છે. એમનાં ઉપયોગી કાવ્યો અપ્રાપ્ય થતાં સામાન્ય જનતા તેનાથી વિમુખ થઈ જાય તે પહેલાં, તેમનાં કાવ્યોમાંથી યોગ્ય ચૂંટણી કરી આમજનતાને તેનાથી પરિચિત રાખ્યા કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે.

મહાકવિની પ્રસાદીરૂપ 'સુદામાચરિત્ર'માં સુદામા અને શ્રીકૃષ્ણના નિમિત્તે નિર્ધન અને ધનિક—જીવાત્મા અને પરમાત્માની સળંગ મૈત્રીનો સર્વોત્કૃષ્ટ ગુણ મહાકવિએ ઘણી ભાવભરી રીતે દર્શાવ્યો છે.

આશા છે કે આ નાનકડી પુસ્તિકા આબાલવૃદ્ધ સૌ કોઈને વાંચવી ગમશે.

વલ્લભવિદ્યાનગર
તા. ૩૦-૪-'૭૪

'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
એચ. એમ. પટેલ (પ્રમુખ)

Delhi Books Collection Digitized By eGangotri

કૃષ્ણ સુદામો ભેટી રોયા, બોલ્યા વિશ્વાધાર;
મા'નુભાવ ફરીને મળજો, માગું છું એક વાર.
ગદ્‌ગદ કંઠે કહે સુદામો, માગું દેવ મોરારી;
સદૈવ તમારા ચરણ વિષે, મનસા× રહેજો મારી.
મથુરામાંથી કૃષ્ણ પધાર્યા, પુરી દ્વારિકાવાસી;
સુદામે ગૃહસ્થાશ્રમ માંડયો, મન જેનું સંન્યાસી.
પતિવ્રતા પત્ની છે પાવન, પતિને પ્રભુ કરી પ્રીછે;
સ્વામીસેવાનું સુખ વાંછે, માયાસુખ નવ ઈચ્છે.
દશ બાળક થયાં સુદામાને, દુઃખદરિદ્રે ભરિયાં,
શીતળાએ અમીછાંટો નાખ્યો, થોડે અન્ને ઊછરિયાં.
અજાચક વ્રત પાળે સુદામો, હરિ વિના હાથ ન ઓડે;*
આવી મળ્યું તો અશન કરે, નહિ તો ભૂખ્યાં સાથરે પોઢે.

વલણ

પોઢે ઋષિ સંતોષ આણી, સુખ ન ઈચ્છે ઘરસૂત્રનું;
ઋષિપત્ની ભિક્ષા માગીને લાવે, પૂરું પાડે પતિપુત્રનું.

કડવું ૨ જું—રાગ વેરાડી

શુકજી કહે સાંભળ નરપતિ,
છે સુદામાની નિર્મળ મતિ;
માયાસુખ નવ ઈચ્છે રતિ,
સદા મન છે જેનું જતિ.

× મનસા=બુદ્ધિ. * ઓડે=ધરે.

Delhi Books Collection Digitized By eGangotri

મુનિનો મર્મ કોઈ નવ લહે,
સહુ મેલોઘેલો દરિદ્રી કહે;
માગ્યા વિના કોઈ કેમ આપે ?
ઘણે દુ:ખે કરી દેહ કાપે.

ભિક્ષાનું કામ કામિની કરે,
કોનાં વસ્ત્ર ધૂએ ને પાણી ભરે;
જેમતેમ કરીને લાવે અન્ન,
નિજ કુટુંબ પોષે સ્ત્રીજન.

ઘણા દિવસ દુ:ખ ઘરનું સહ્યું,
પુરમાં પછે અન્ન જડતું રહ્યું;
બાળકને થયા બે ઉપવાસ,
ત્યારે સ્ત્રી આવી સુદામા પાસ.

હું વીનવું જોડી બે હાથ,
અબળા કહે સાંભળીએ નાથ;
બાળક ભૂખ્યાં કરે રુદન,
નગરમાં નથી મળતું અન્ન,

ન મળે કંદ, મૂળ કે ફળ,
બે દિવસ થયાં લેઈ રહે જળ;
સુખશય્યા, ભૂષણ, પટકૂળ,
પ્રભુ ક્યારે થશે સાનુકૂળ ?

Delhi Books Collection Digitized By eGangotri

ભૂખ્યાં બાળક જુએ માનું મુખ,
સ્ત્રી કહે સ્વામીને દુઃખ;
હું કહેતાં લાગીશ અળખામણી,
સ્વામી જુઓ આપણા ઘર ભણી.
ધાતુપાત્ર નહિ કર સહાવા,
સાજું વસ્ત્ર નથી સમ ખાવા;
જેમ જળ વિણ વાડી ઝાડુવાં,
તેમ અન્ન વિણ બાળક બાઢુવાં.÷
વાયે ટાઢ બાળકડાં રૂએ,
ભસ્મમાંહી પેસીને સૂએ.
હું તે ધીરજ કેઈ પેરે ધરું ?
છોકરાનું દુઃખ દેખીને મરું.
તીચાં ઘર ભીંતડિયો પડી,
શ્વાન, માંજાર આવે છે ચડી;
અતિથિ ફરી નિર્મુખ જાય,
ગવાનિક+ નવ પામે ગાય.
કરો છો મંત્ર ભણીને સેવ,
નૈવેદ્ય વિના પૂજો છો દેવ;
પૂજ્ય પર્વણી કો નવ જમે,
જેવો ઊગે તેવો આથમે.

÷ બાઢુવાં=બાપડાં.

+ ગવાનિક=જમતાં પહેલાં ગાય માટે કાઢેલું અન્ન.

Delhi Books Collection Digitized By eGangotri

આ બાળક પરણાવવાં પડશે;
સતકુળની કન્યા ક્યાંથી જડશે?
શ્રાદ્ધ સંવત્સરી સહુ કો કરે,
આપણા પિત્રી નિર્મુખ ફરે.

અન્ન વિના પુત્ર મારે વાગલાં,
તો ક્યાંથી ટોપી આંગલાં?
અબોટિયું પોતિયું નવ મળે,
સ્નાન કરે છે શીતળ જળે.

નખ વાધ્યા ને વાધી જટા,
માંહી ઊડે રક્ષાની ઘટા;
દર્ભ તણી તૂટી સાદડી,
નાથજી તે પર રહો છો પડી.

બીજે ત્રીજે પામો છો આહાર,
તે મુજને દહે છે અંગાર;
હું તો દરિદ્ર સમુદ્રમાં બૂડી,
એવાતણમાં એક જ ચૂડી.

સૌભાગ્યના નથી શણગાર,
નહિ કાજળ, નહિ કિડિયાંહાર;
નહિ લલાટે દેવા કંકુ,
અન્ન વિના શરીર રહ્યું સૂકું.

Delhi Books Collection Digitized By eGangotri

હું પૂછું છું લાગી પાય,
આવું દુઃખ ક્યાં સુધી સેવાય ?
તમે દહાડી કહો છો ભરથાર,
માધવ સાથે છે મિત્રાચાર.

જે રહે કલ્પવૃક્ષની તળે,
તેને શી વસ્તુ નવ મળે ?
જે જીવ જળમાં ક્રીડા કરે,
તે પ્રાણી કેમ તરશે મરે ?

પ્રગટ કરી સેવે હુતાશ,
તેને શીત આવે કયમ પાસ !
અમૃતપાન કીધું જે નરે,
જમકિંકરનો ભય કયમ ધરે ?

જેને સરસ્વતી જીભે વસી,
તેને અધ્યાત્મચિંતા કશી;
સદ્‌ગુરુના જેણે સેવ્યા ચરણ,
તેને શાનું માયાવરણ ?

જે જન સેવે હરિને સદા,
તેને જન્મ--મરણ શી આપદા ?
જેનું મન હરિચરણે વસ્યું,
તે પ્રાણીને પાતક કશું.

Delhi Books Collection Digitized By eGangotri

જેને સ્નેહ શામળિયા સાથ,
તેનું ઘર નવ હોય અનાથ.
છેલ્લી વિનતિ દાસી તણી,
પ્રભુ પધારો ભૂધર ભણી.
તે છે ચૌદ લોકના મહારાજ,
બ્રાહ્મણને ભીખતાં શી લાજ ?

વલણ

લાજ ન કીજે નાથ મારા, માધવ મનવાંછિત આપશે રે;
દીન જાણીને દયા આણી, દરિદ્રનાં દ્રુમ કાપશે રે.

કડવું ૩ જું—રાગ—ગોડી

જઈને જાચો જાદવરાય, ભાવઠ ભાંગશે રે;
હું તો કહું છું લાગીને પાય, ભાવઠ ભાંગશે રે.
ધન નહિ જડે તો ગોમતીમાં જઈ, દર્શનફળ નહિ જાય,
ભાવઠ૦ (ટેક)
સુદામો કહે સ્ત્રીને, નથી માગતાં પ્રતિવાય,+
પણ મિત્ર આગળ મામ મૂકી, માગતાં જીવ જાય,
મામ ન મૂકીએ રે.
ઉદરકારણે નીચ કને જઈ, કીજે વિનય પ્રણામ;
તો આ સ્થાનક છે મળવાતણું, મામ વણશે કામ.
ભાવઠ૦

\+ પ્રતિવાય=નડતર

Delhi Books Collection Digitized By eGangotri

જે નિર્મ્યું છે તે પામિયે, સુણ સુંદરી રે;
વિધિએ લખી વૃદ્ધિહાણ, ઘેલી કોણે કરી રે?

દીધા વિના ક્યાંથી પામિયે, સુણ સુંદરી રે;
નથી આપ્યું જમણે હાથ, ઘેલી કોણે કરી રે

જો ખડધાન જ વાવિયે, સુણ સુંદરી રે;
તો ક્યાંથી જમીએ શાળ?+ ઘેલી કોણે કરી રે?

જળ વહી ગયે શી શોચના? સુણ સુંદરી રે;
જો પ્રથમ ન બાંધી પાળ, ઘેલી કોણે કરી રે?

એકાદશી વ્રત નવ કર્યાં, સુણ સુંદરી રે;
નવ કીધા તીર્થોપવાસ, ઘેલી કોણે કરી રે?

અગ્નિ તૃપ્ત કીધા નહિ, સુણ સુંદરી રે;
નહિ શ્વાન વાયસ ગોગ્રાસ, ઘેલી કોણે કરી રે?

બ્રહ્મભોજન કીધાં નહિ, સુણ સુંદરી રે;
નથી કીધા હોમહવન્ન, ઘેલી કોણે કરી રે?

અતિથિ નિર્મૂળ વાળિયા, સુણ સુંદરી રે;
તો ક્યાંથી પામિયે અન્ન? ઘેલી કોણે કરી રે?

હરિપ્રસાદ લીધો નહીં, સુણ સુંદરી રે;
નિત્ય અશુદ્ધ કીધો, આહાર, ઘેલી કોણે કરી રેં?

+ શાળ=ડાંગર.

Delhi Books Collection Digitized By eGangotri

આપ ઉદર પાપે ભર્યું, સુણ સુંદરી રે;
છૂટયાં પશુ તણો અવતાર, ઘેલી કોણે કરી રે ?
સંતોષ--અમૃત ચાખિયે, સુણ સુંદરી રે;
હરિચરણે સોંપી મન, ઘેલી કોણે કરી રે ?
ભક્તિઅ નવ નિધ્ય આપશે, સુણ સુંદરી રે;
ધરો ધીર તમે સ્ત્રીજન ઘેલી કોણે કરી રે ?
આંખ ભરી અબળા કહે, ઋષિરાયજી રે;
મારું જડ થયું છે મન, લાગું પાયજી રે.
એ તો જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે;
રુએ બાળક લાવો અન્ન, લાગું પાયજી રે.
અન્ન વિના ચાલે નહિ, ઋષિરાયજી રે;
મોટા જોગેશ્વર હરિભક્ત, લાગું પાયજી, રે.
અન્ન વિણ ભજન સૂઝે નહીં, ઋષિરાયજી રે;
જીવે અન્ન આખું જગત, લાગું પાયજી રે.
શિવે અન્નપૂર્ણા ઘેર રાખિયાં, ઋષિરાયજી રે;
સૂર્યે રાખ્યું અક્ષયપાત્ર, લાગું પાયજી રે
ઈન્દ્ર સેવે કામધેનુને, ઋષિરાયજી રે;
તો આપણે તે કોણ માત્ર ? લાગું પાયજી રે.
સુર સેવે કલ્પવૃક્ષને, ઋષિરાયજી રે;
મનવાંછિત પામે આહાર લાગું પાયજી રે.

Delhi Books Collection Digitized By eGangotri

ધર્મ પ્રાણ અન્ન વિના નહીં, ઋષિરાયજી રે;
ઊભો અન્ને સકળ સંસાર લાગું પાયજી રે;
ફેરાનું ફળ જાશે નહીં, ઋષિરાયજી રે;
જઈ જાચો કૃષ્ણ બળદેવ, લાગું પાયજી રે.
વિધિએ લખ્યા અક્ષર દરિદ્રના ઋષિરાયજી રે;
ધોશે ધરણીધર તતખેવ લાગું પાયજી રે.

વલણ

તત્ક્ષણ ત્રિકમ છેદશે, દરિદ્ર કેરાં ઝાડ રે;
નાથ પધારો દ્વારિકા, હું માનું તમારો પાડ રે.

કડવું ૫ મું—રાગ રામગ્રી

કહે શુક જોગી સાંભળો રાયજી,
ફરી ફરી પ્રેમદા લાગે પાયજી;
વિપ્ર સુદામો આપ વિચારેજી,
નિશ્ચે જાચવા જવું પડશે મારે જી.

ઢાળ

જાવું પડશે સર્વાથા, ઘણું રુએ અબળા રાંક;
અન્ન વિના બાળક ટળવળે, એમાં માત તણો શો વાંક ?
પત્ની પ્રત્યે કહે સુદામો, તું સાંભળ મારી વાત;
કહે ભામિની ભગવંત આગળ, ભેટ શી મૂકું હાથ ?

Delhi Books Collection Digitized By eGangotri

કાકા કહીને કુંવર આવે, કૃષ્ણસુતસમુદાય;
ખાવા માગે મુજ કને, ત્યારે શું મેલું કરમાંય ?

સુણી હરખ પામી પ્રેમદા, ગઈ પાડોશણની પાસ;
બાઈ, આજ કામ કરો મારું, જાણે વણમૂલે લીધી દાસ.

દ્વારામતી મમ પતિ જાય છે, જાચવા જાદવરાય;
અમો બમણું કરીને આપશું, કાંઈ આપો ઉછીતું માય.

પાડોશણને દયા આવી, આ દુર્બળ આવી લેવા;
સૂપડું ભરીને કાંગ આપ્યા, આ બાઈ તમારે દેવા.

ઊખળે ઘાલી ઓખણ્યા, તેને કીધા શ્વેત;
તગતગતા કરી કરમાં આપ્યા, ઋષિજી પામ્યા હેત.

મારગમાં છોવાય નહિ, છે ત્રિકમના તાંદૂળ;
લેઈ જાવા છે દ્વારામતી, નથી બાંધવા પટકુળ.

ઉપરાઉપરી બંધન બાંધ્યા ચીંથરાં દશ વીસ;
રત્નની પેરે જત્ન કીધું, જ્યમ ચડે છોડતાં રીસ.

ઋષિ સુદામાને કહે બાળકડાં, કરીને રોતાં મુખ;
પિતાજી એવું લાવજો, જ્યમ જાય આપણી ભૂખ.

દીન વાણી સાંભળીને, મુનિએ મૂકયો નિઃશ્વાસ;
સુદામો કહે પુત્રને, પરિબ્રહ્મ પૂરશે આશ.

ઋષિ સુદામો સંચર્યા, વળાવી વળ્યો પરિવાર;
ત્યાગી વૈરાગી વિપ્ર છે, ને ભક્તના શણગાર.

Delhi Books Collection Digitized By eGangotri

ભાલ તિલક ને માળા કંઠે, રસનાએ ભણતો જાય;
મુખ કુખનું* જાળું વાધ્યું, કદ્રૂપ દીસે કાય.
પવને જટામાંથી ભસ્મ ઊડે, ધૂમ્ર ગોટાગોટ;
ઉપાનરેણુંએ+ અભ્ર છાયે, જોજન કોટાનકોટ.
ધસમસે ને ધાય મુનિવર, મુખે શ્વાસ ન માય;
જે મારગમાં સામું મળે તે, દેખી વિસ્મય થાય.
તૈલાભ્યંગ સ્વપ્ને ન ઈચ્છે, છે લાંખું ઋષિનું ગાત્ર;
એક હાથમાં જેષ્ટિકા, એક હાથે ગ્રહ્યું તુંબિપાત્ર.
કૌપીન જીરણ વસ્ત્રનું વતકુળ છે પરિધાન;
પણ ભાગ્યભાનુ ઉદે થયો, હરિ કરશે આપ સમાન.

વલણ

આપ સમાન કરશે કૃષ્ણજી, શુકજી કહે સુણો નરપતિ;
થોડે શ્રમે ઋષિ સુદામો, પહોંતા પુરી દ્વારામતી.

કડવું ૬ ઠું—રાગ સારંગ

ઋષિ કહે સાંભળ નરપતિ, સુદામે દીઠી દ્વારામતી
કનકકોટ ચળકારા કરે, મણિમય રત્ન જડયાં કાંગરે.

---

* કુખનું=કુશનું; કુશનું જાળું વધ્યું, અર્થાત્ ડાભના ભોથાની માફક ઊગેલા અને ઓળ્યાચોળ્યા વગર જાળાંની માફક લાગતા મોં પરના વાળ વધેલા તે.

+ ઉપાનરેણુએ=પગરખાંની ધૂળ વડે.

Delhi Books Collection Digitized By eGangotri

કોઠા કોશિસાં શોભે, પર્મ, જેવું વિશ્વકર્માનું કર્મ;
દુર્ગે ધજા ઘણી ફરફરે દુંદુભિ ઢોલ ત્યાં ગડગડે.

સુદર્શન ફરતું ત્યાં સોહે, ગંભીર નાદ સાગર મન મોહે;
ત્યાં તો ગોમતી સંગમ થાય, ચારે વર્ણ ત્યાં આવી નહાય.

પરમ ગતિ પ્રાણી પામે ઘણાં, નથી મુક્તિપુરીમાં મણા;
ઋષિ સુદામે કીધું સ્નાન, પછી પુરમાં પેઠા ભગવાન.

રૂપ જોઈ જોવા સૌ મળે, ખીજવે બાળક પૂંઠળ પળે;
જાદવસ્ત્રી તાળી દઈ હસે, ધન્ય નગર આવો નર વસે.

કીધાં હશે વ્રત તપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર,
કોઈ કહે ઈન્દુ, કોઈ કહે કામ, એને રૂપે હારશે કેશવરામ.

પતિવ્રતાનાં મોહશે મન, મર્મવચન બોલે સ્ત્રીજન;
કોઈ કહે હાઉ આવ્યો વિકરાળ, દેખાડો રોતાં રહેશે બાળ.

ઘણી ચેષ્ટા પૂંઠળથી થાય, સુણી સુદામો હસતા જાય.
પૂંઠે બાળક કાંકરા નાખે, ઋષિજી રામકૃષ્ણ મુખથી ભાખે.

પાડે તાળી વજાડે ગાલ, પૂંઠે ફરી વળ્યાં નાનાં બાલ:
કોઈ વૃદ્ધ જાદવે દીઠા ઋખી, સાધુની દૃષ્ટિ તેણે ઓળખી.

તેણે બાળક સૌ કાઢયાં હાંકી, પૂછ્યા સમાચાર ઊભા રાખી;
કૃપાનાથ ક્યાંથી આવિયા ? આ પુરને કેમ કીધી મયા ?

પ્રત્યુત્તર બોલ્યા ઋષિજન, મને હરિદર્શનનું મન;
તે જાદવે કીધો ઉપકાર, દેખાડી દીધું રાજદ્વાર.

Delhi Books Collection Digitized By eGangotri

હરિમંદિર આવ્યા ઋષિરાય, ઊભા રસ્તે ચાલ્યું નવ જાય;
દ્વારપાળ દિગ્પાળ સમાન, ધામ ઓટલે ઊગ્યા ભાણ.
શોભે હાટ ચૌટાં ને ચૌક, છજાં ઝરૂખાં બારી ગોખ;
અટારી જાળી મેડી માળ, જડિત્ર કઠેડા ઝાકઝમાળ.
ચળકે કામ ત્યાં મીનાકારી, અમરાપુરી નાખું ઓવારી:
સભામાં સ્ફટિકમણિના થંભ, થઈ રહ્યો છે નાટારંભ.
મૃદંગ ઉપંગ મધુરાં તાળ, ગાયે હરિનાં ગીત રસાળ;
રમકઝમક ઘૂઘરી થાય, તે સુદામોજી જોતા જાય.
ધજા પતાકા કળશ બિરાજે, જાંગડજાંગડ દુંદુભિ વાજે;
બોલે શરણાઈ નફેરી+ ઉત્સવ મંગળ શેરીએ શેરી.
હરતાફરતા હીંડે ઘોડા, બાંધ્યા હેમ તણા અછોડા;
ડોલે મદગળતા માતંગ, ગજશાળાનો નવલો રંગ.
હેમકળશ ભરી લાવે પાણી, દાસીઓ જાણીએ ઇન્દ્રાણી;
છપ્પન કોટિ જાદવની સભા, નવ રાખે દાનવની પ્રભા.
અનંત યોદ્ધા ઊભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર;
ત્યાં સુદામો ફેરા ફરે, સંકલ્પ--વિકલ્પ મનમાં કરે.
ગહન દીસે છે કર્મની ગતિ, એક ગુરુના વિદ્યારથી;
એક થઈ બેઠો પૃથ્વીપતિ, મારા ઘરમાં ખાવા રજ નથી.
રમાડતો ગોકુળ માંકડાં, ગુરુને ઘેર લાવતો લાકડાં;
તે આજ બેઠો સિંહાસન ચડી, મારે તુંબડી ને લાકડી.

+ નફેર=એક વાદ્ય=ઢોલ

Delhi Books Collection Digitized By eGangotri

વળી ઋષિને આવ્યું જ્ઞાન, અલ્પ જીવ હું એ ભગવાન;
એક વાર પામું દર્શન તો, હું જાણે પામ્યો ઇન્દ્રાસન.
છે વિવેકી હરિના છડીદાર, પૂછ્યા સુદામાને સમાચાર,
મા'નુભાવ, કેમ કરુણા કરી ? તવ સુદામે વાણી ઓચરી.
છું દુર્બળ બ્રાહ્મણ અવતાર, માધવ સાથે છે મિત્રાચાર;
પ્રભુને જઈ કહો મારા પ્રણામ, આવ્યો છે વિપ્ર સુદામો નામ.

વલણ

નામ સુદામો જઈ કહો, ગયો ઘરમાં પ્રતિહાર રે;
એક દાસી સાથે કહાવિયા, શ્રીકૃષ્ણને સમાચાર રે.

કડવું ૭ મું—રાગ મારુ

સૂતા શય્યાએ શ્રીઅવિનાશ રે,
અષ્ટ પટરાણીઓ છે બે પાસ રે;
રુકિમણી તળાંસે પાય રે,
મિત્રવિંદા ઢોળે છે વાય રે.
ધર્યું દર્પણ ભદ્રા નારી રે,
જાંબુવતીએ ગ્રહી જળઝારી રે;
યક્ષકર્દમ સત્યા સેવે રે,
કાલિંદીજી અગર ઉસેવે રે.
લક્ષ્મણા તાંબૂલ લાવે રે,
સત્યભામા બીડી ખવડાવે રે;
હરિ પોઢયા હિંડોળાખાટ રે,
પાસે પટ્ટરાણી છે આઠ રે,

Delhi Books Collection Digitized By eGangotri

બીજી સોળસહસ્રશત શ્યામા રે,
કોઈ હંસગતિ ગજગામા રે;
મૃગાનેણી ને ચંદ્રચકોરી રે,
કોઈ શ્યામલડી કોઈ ગોરી રે.

કોઈ મુગ્ધા બાળ કિશોરી રે;
ખળકાવે કંકણ મોરી રે;
ચપળા ચિતડું લે ચોરી રે,
કોટે હાર કંચુકી કોરી રે.

કોઈ ચાતુરા સંગીત નાચે રે,
કોઈ રીઝવે ને ઘણું રાચે રે;
એક બીજીને વાત વાસે રે,
સરખાસરખી ઊભી પાસે રે.

હરિ આગળ હરિગુણ ગાતી રે,
વસ્ત્ર વિરાજે નાના ભાતી રે;
ચંગ ઉપંગ મૃદંગ ઘણાં ગાજે રે,
શ્રીમંડળ વીણા વાજે રે.

ગાંધર્વી કળા કોઈ કરતી રે.
શુભ વાચક મુખ ઉચરતી રે;
ચતુરા નવ ચૂકે તાળી રે,
બોલે મર્મવચન મરમાળી રે.

Delhi Books Collection Digitized By eGangotri

જેથી રીઝે પ્રાણાધાર રે,
એમ થઈ રહ્યો થેઈ થેઈકાર રે;
એવે દાસી ધાતી આવી રે,
જોઈ નાથે પાસે બોલાવી રે.
બોલી સાહેલી શિર નામી રે,
દ્વારે દ્વિજ આવ્યો કોઈ સ્વામી રે,
ન હોય નારદ અવશ્યમેવ રે,
નહીં વસિષ્ઠ ને વામદેવ રે.
ન હોય દુર્વાસા ને અગસ્ત્ય રે,
મેં તો ઋષિ જોયા છે સમસ્ત રે;
નહીં વિશ્વામિત્ર કે અત્રિ રે,
નથી લાવ્યો ચિઠ્ઠી કે પત્રી રે.
દુઃખી દરિદ્ર સરખો ભાસે રે,
એક તુંબીપાત્ર છે પાસે રે;
પિંગળ જટા ભસ્મે ભરિયો રે,
ક્ષુધારૂપી નારીને વરિયો રે.
શેરીએ શેરીએ થોકાથોક રે,
તેને જોવા મળ્યા બહુ લોક રે;
તેણે કહાવ્યું કરી પ્રણામ રે,
મારું વિપ્ર સુદામો છે નામ રે.

Delhi Books Collection Digitized By eGangotri

એમ દાસી કહે કરજોડ રે,
ખરો ખરો કહે રણછોડ રે;
મારો બાળસ્નેહી સુદામો રે,
હું દુખિયાનો વિસામો રે.
ઊઠી ધાયા જાદવરાય રે,
તવ પહેર્યાં મોજાં પાય રે;
પીતાંબર ભૂમિ ભરાય રે,
રાણી રુક્મિણી ઊંચાં થાય રે.
અતિ આનંદે ફૂલી કાય રે,
હરિ દોડે ને શ્વાસે ભરાય રે;
પડે-આખડે બેઠા થાય રે,
એક પળ તે જુગ જેવી જાય રે.
સ્ત્રીઓને કહી ગયા ભગવાન રે,
પૂજાથાળ કરો સાવધાન રે;
હું જે ભોગવું રાજ્યાસન રે,
તે તો એ બ્રાહ્મણનું પુન્ય રે.
જે કોઈ નમશે એના ચરણ ઝાલી રે,
તે નારી સહુપે મને વહાલી રે;
તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે,
સામગ્રી પૂજાની કરતી રે,

Delhi Books Collection Digitized By eGangotri

સહુ ક્હે માંહોમાંહી બાઈ રે,
કેવા હશે શ્રીકૃષ્ણના ભાઈ રે?
જેને શામળિયાશું સ્નેહ રે,
હશે કંદર્પ સરખો દેહ રે.
લઈ પૂજાના ઉપહાર રે,
રહી ઊભી સોળ હજાર રે;
બાઈ લોચનનું સુખ લીજે રે,
આજ જેઠનું દર્શન કીજે રે.
ઋષિ શુકજી કહે સુણ રાય રે,
શામળિયોજી મળવા જાય રે;
છબીલાજીઓ છૂટી ચાલે રે,
દીધી દોટ તે દીનદયાળે રે.
સુદામે દીઠા કૃષ્ણ દેવ રે,
છૂટયાં આંસુ શ્રાવણનેવ રે;
જુઓ કૌતુક ચારે વર્ણ રે,
ક્યાં આ વિપ્ર? ક્યાં અશરણશર્ણ રે?
જુઓ દેવ વિમાને ચડિયા રે,
પ્રભુ ઋષિજીને પાય પડિયા રે;
હરિ ઉઠાડયા ગ્રહી હાથ રે,
ઋષિજી લીધા હૈડા સાથ રે.

Delhi Books Collection Digitized By eGangotri

મળ્યા જાદવ જોવા પૂઠે રે,
પ્રેમનાં આલિંગન નવ છૂટે રે;
સુખ અન્યોન્યે જોયાં રે,
હરિનાં આંસુ સુદામે લોયાં રે.
તુંબીપાત્ર ઉલાળીને લીધું રે,
દાસત્વ દયાળે કીધું રે;
ઋષિએ પાવન કર્યું મુજ ગામ રે,
તમે પવિત્ર કર્યું રંકધામ રે.
તેડી આવ્યા વિશ્વાધાર રે,
મંદિરમાં હરખથી અપાર રે;
હસ્ત ઝાલી હરખે મુરારિ રે,
જોઈ હાસ્ય કરે સૌ નારી રે.
ઘણું વાંકાંબોલાં સત્યભામા રે,
આવા ફૂડટા મિત્ર સુદામા રે;
હરિ તેને ઊઠીને શું ધાયા રે?
ભલી નાનપણાની માયા રે.
ભલી જોવા સરખી જોડી રે.
હરિને સોંઘો, એને રાખોડી રે;
જો કોઈ બાળક બા'ર નીકળશે રે,
તે તો કાકાને દેખી છળશે રે!
તવ બોલ્યાં રુક્મિણી રાણી રે,
તમે બોલો છો શું જાણી રે?

Delhi Books Collection Digitized By eGangotri

વલણ

શું બોલો વિસ્મય થઈ? હરિભક્તને ઓળખો નહીં;
બેસાડયા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઊભા રહી.

કડવું ૮ મું—રાગ સોરઠી

ભક્તાધીન દીનને પૂજે, દાસ પોતાનો જાણી;
સુખશય્યા પર ઋષિને બેસાડી, ચાંમર કરે ચક્રપાણિ રે.
ભક્તા૦

નેત્રસમસ્યા નાથે કીધી, આવી અષ્ટ પટરાણી;
મંદમંદ હસે સત્યભામા, આઘો ઘૂંઘટ તાણી રે.
ભક્તા૦

જેના નાભિકમળથી બ્રહ્મા પ્રગટયા, આ જગ પળમાં કીધું;
જેણે મુખમાં જગત દેખાડયું, માતાનું મન લીધું રે.
ભક્તા૦

વિશ્વામિત્ર સરખા તાપસને, દોહેલે દર્શન દીધું;
તેણે સુદામાના પગ પખાળી, પ્રીતે પાદોદક પીધું રે.
ભક્તા૦

પોતાને ઓઢવાની પીત પછેડીએ, લોહ્યા ઋષિના પાય;
ઊભા રહી કર વીંઝણા ગ્રહીને, વિઠ્ઠલ ઢોળે વાય રે.
ભક્તા૦

થાળ ભરી વૈદર્ભી લાવ્યાં, ઘૃતપક્વ પકવાન;
શર્કરા સંયુક્ત ઋષિને, કરાવ્યાં પયપાન રે,
ભક્તા૦

Delhi Books Collection Digitized By eGangotri

શુદ્ધાચમન તંબોળ ખવડાવ્યાં, ધરી પ્રેમ શામળવાન;
વાંચ્યું તે પ્રસાદ પ્રમાણે, આરોગ્યા ભગવાન રે.
ભક્તા૦
જે સુખ આપ્યું સુદામાને, તે હરિ બ્રહ્માદિકને ના'પે;
ફરીફરી મુખ જુએ મુનિનું, આનંદ મુકુંદને વ્યાપે રે.
ભક્તા૦
સુદામાને ચિંતા મોટી, રખે દેખે કાયા કાંપે;
પેલી ગાંઠડી તાંદુલ તણી તે, જંઘા નીચે લઈ ચાંપે રે.
ભક્તા૦

વલણ

જંઘા નીચે ચાંપે ઋષિ ગાંઠડી તાંદુલ તણી;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વરને, જાણ્યા તણી ગત્ય છે ઘણી.

કડવું ૯ મું—રાગ મલાર

ગોવિંદે માંડી ગોઠડી, કહોને મિત્ર અમારા;
સાંભળવા આતુર છું, સમાચાર તમારા. ગો૦
શે દુ:ખે તમો દૂબળા? એવી ચિંતા કેહી?
મન મૂકીને કહો મને, મારા બાળસનેહી. ગો૦
કોઈ સદ્‌ગુરુ તમને મળ્યો, તેણે કાન શું ફૂંક્યો?
વેરાગી ત્યાગી થયા, સંસાર શું મૂક્યો? ગો૦
શરીર પ્રજાળ્યું જોગથી, તપે દુ:ખે દેહી;
છો તે કિયે દુ:ખે દૂબળા? મારા પૂર્વ સનેહી! ગો૦

Delhi Books Collection Digitized By eGangotri

કે શત્રુ કોઈ માથે થયો ? ઘણા દુઃખનો દાતા;
કે કોઈ ચોરીએ ગયું ? તેણે નહિ સુખશાતા. ગો૦

કાંઈ ધાતુપાત્ર કને નહીં, આવ્યા તુંબડું લેઈ;
વસ્ત્ર નથી કાંઈ પહેરવા, મારા બાળસનેહી ! ગો૦

કે સુખ નથી સંસારનું ? કાંઈ કર્મને દોષે;
ભાભી અમારાં વઢકણાં, તે લોહીડું શોષે. ગો૦

કે શું ઉદર ભરાતું નથી ? તેણે સૂકી દેહી;
એ દુઃખમાં કિયું દુઃખ છે ? મારા પૂર્વ સનેહી ! ગો૦

પછી સુદામોજી બોલિયા, પ્રભુને શીશ નામી;
તમારું અજાણ્યું કાંઈ નથી, છો અંતરજામી. ગો૦

અમને તો દુઃખ વિજોગનું, નહીં પ્રભુજી પાસે;
આજ હરિ હુંને જો મળ્યા, પિંડ પુષ્ટ જ થાશે. ગો૦

કડવું ૧૦ મું—રાગ રામગ્રી

પછી શામળિયો બોલિયા, તને સાંભરે રે ?
હાજી નાનપણાની પેર, મને કેમ વીસરે રે ?

આપણ બે મહિના પાસે રહ્યા, તને૦
હાજી સાંદીપનિ ઋષિને ઘેર. મને૦
અન્ન–ભિક્ષા માગી લાવતા, તને૦
હાજી જમતા ત્રણે ભ્રાત. મને૦

Delhi Books Collection Digitized By eGangotri

આપણે સૂતા એક સાથરે, તનો૦
સુખદુઃખની કરતા વાત ? મનો૦
પાછલી રાતના જાગતા, તનો૦
હાજી કરતા વેદની ધુન્ય. મનો૦
ગુરુ આપણા ગામે ગયા, તનો૦
હાજી જાચવા કોઈક મુન્ય. મનો૦
કામ દીધું ગોરાણીએ, તનો૦
કહ્યું લેઈ આવોને કાષ્ઠ. મનો૦
શરીર આપણાં ઊકળ્યાં, તનો૦
હાજી માથે તપ્યો અરીષ્ટ. મનો૦
સ્કંધે કહોવાડા ધર્યા, તનો૦
ઘણું દૂર ગયા રણછોડ. મનો૦
આપણે વાદ વદ્યા ત્રણે બાંધવા, તનો૦
હાજી ફાડયું મોટું ખોડ.× મનો૦
ત્રણે ભારા બાંધ્યા દોરડે, તનો૦
હાજી આવ્યા બારે મેહ. મનો૦
શીતળ વાયુ વાયો ઘણો, તનો૦
ટાઢે થરથર ધ્રૂજે દેહ. મનો૦
નદીએ પૂર આવ્યું ઘણું, તનો૦
ઘન વરસ્યો મુશળધાર. મનો૦

× ખોડ=મોટું લાકડું.

Delhi Books Collection Digitized By eGangotri

એકે દિશા સૂઝી નહીં, તને૦
થયા વીજ તણા ચમકાર. મને૦
ગુરુજી ખોળવા નીસર્યા, તને૦
કહ્યું સ્ત્રીને કીધો તેં કેર. મને૦
આપણને હૃદયાશું ચાંપિયા, તને૦
પછે તેડીને લાવ્યા ઘેર. મને૦
ગોરાણી ગૌ દોતાં હતાં, તને૦
હતી દોણી માગ્યાની ટેવ. મને૦
મેં નિશાળેથી કર વધારિયો, તને૦
હાજી દીધી દોણી તતખેવ. મને૦
જ્ઞાન થયું ગુરુપત્નીને, તને૦
તમને જાણ્યા જગદાધાર. મને૦
ગુરુદક્ષિણામાં માગિયું, તને૦
હાજી મૃત્યુ પામ્યો જે કુમાર. મને૦
મેં સાગરમાં ઝંપાલાવિયું, તને૦
તમો શોધ્યાં સપ્ત પાતાળ. મને૦
હું પંચાનન શંખ લાવિયો, તને૦
હાજી દૈત્યનો આણ્યો કાળ. મને૦
સંયમની પુરી હું ગયો, તને૦
પછે આવી મળ્યો જમરાય. મને૦
પુત્ર ગોરાણીને આપિયો, તને૦
હાજી પછે થયા વિદાય. મને૦

Delhi Books Collection Digitized By eGangotri

આપણે તે દિનથી જુદા પડયા, તનેo
હાજી ફરીને મળિયા આજ. મનેo
હું તું જ પાસે વિદ્યા ભણ્યો, તનેo
મને મોટો કર્યો મહારાજ. મનેo

વલણ

મહારાજ લાજ નિજ દાસની, વધારો છો શ્રીહરિ;
પછી દરિદ્ર ખોવા દાસનાં, સૌમ્ય દૃષ્ટિ શ્યામે કરી.

કડવું ૧૧ મું—રાગ વસંત

સકળ સુંદરીઓ દેખતાં,
ગોષ્ઠિ ગોવિંદે કીધી;
પછે દરિદ્ર ખોવા દાસનાં,
ગાંઠડી દૃષ્ટિમાં લીધી. સકળo (ટેક)

મનવાંછિત ફળ આજ હું પામ્યો,
મિત્રજી મળવા આવ્યા;
ચતુર ભાભીએ ભેટ મોકલી;
કહો સખા શું લાવ્યા? સકળo

અઢળક ઢળિયો રે શામળિયો,
મુષ્ટિ તાંદુલ સાટે;
ઈન્દ્રનો વૈભવ સેજમાં આપ્યો,
સ્વલ્પ સુખડી માટે. સકળo

Delhi Books Collection Digitized By eGangotri

ચરણ તળે ચાંપી રહ્યો સુદામો,
કૃષ્ણજી કહે છે કહાડો;
આમ જોગ જો ભેટ ન હોય તો,
દૂર થકી દેખાડો. સકળ૦

એ દેવતાને દુર્લભ દીસે,
જાચે જાદવરાય;
જો પવિત્ર સુખડી પ્રેમે આપો,
તો ભવની ભાવટ જાય. સકળ૦

ભગવાનની સ્ત્રીઓ ભર્મમાં ભૂલી,
જુએ મળી સમસ્ત;
અમૃત ફળ કે સંજીવન મણિ,
હરિ હોડે છે હસ્ત. સકળ૦

આમ હરિ જ્યારે હાથ લગાડે,
ઋષિ ખસેડે આમ;
ભક્તહેત પોતે દેખાડે,
સહુને સુંદર શ્યામ. સકળ૦

અવલોકવા ઊભી સહુ નારી,
કર ધરી કનકનાં પાત્ર;
જદુપતિને જાચે સહુ નારી,
અમને આપજો તિલ માત્ર. સકળ૦

Delhi Books Collection Digitized By eGangotri

સુદામો ચિંતામાં પડિયો
લજ્જા મારી જાશે;
ભર્મ ભાંગશે તાંદુલ દેખી,
કૌતુક મારું થાશે. સકળ૦

સ્ત્રીના કહ્યોથી હું થયો લોભી,
તુચ્છ ભેટ અહીંયાં આણી;
લજ્જા લાખ ટકાની ખોઈ,
ઘર ઘાલ્યું ઘણિયાણી! સકળ૦

સુદામાના મનની શોચના,
શામળિયે સહુ જાણી;
હસતાં હસતાં પાસે આવી,
તાંદુલ લીધા તાણી. સકળ૦

હેઠળ હેમની થાળી મેલી,
વસ્તુ લેવા જગદીશ;
છોડે છબીલો પાર ન આવે,
ચીંથરાં દશ વીશ. સકળ૦

પટરાણીઓ જોઈ અચરજ પામી,
છે પારસ કે રત્ન;
અમરફળ કે સંજીવનમણિ,
આવડું કીધું છે જત્ન! સકળ૦

Delhi Books Collection Digitized By eGangotri

કણ વેરાણા ને પાત્ર ભરાણું,
જોઈ રહ્યો જુવતીનો સાથ;
તાંદુલના કણ હૃદિયે ચાંપી,
બોલ્યા લક્ષ્મીનાથ. સકળ૦

સુદામા મેં આ અવનીમાં
લીધા બહુ અવતાર;
આ તાંદુલનો સ્વાદ છે એવો,
નથી આરોગ્યો એકે વાર. સકળ૦

મોટા મોટા મિત્ર મેં જોયા,
ધ્રુવ અંબરીષ પ્રહ્લાદ;
આ તાંદુલનો એકે મિત્રે
દેખાડયો નથી સ્વાદ. સકળ૦

તુચ્છ ભેટ ભારે કરી માની,
વિચાર્યું ભગવાન;
સાત જન્મ સુધી સુદામે,
નથી કીધાં પુણ્યદાન. સકળ૦

જાચકરૂપ થયા જગજીવન,
પ્રીત હૃદેમાં વ્યાપી;
મુખમાં મુષ્ટિ તાંદુલ મૂકયા,
દારિદ્રય નાખ્યાં કાપી. સકળ૦

Delhi Books Collection Digitized By eGangotri

કર મરડીને ગાંઠડી લીધી,
સાથેનાં દુઃખ મોડયાં;
જેમ જેમ ચીથરાં છોડયાં નાથે,
ભવનાં બંધન તોડયાં. સકળ૦

જ્યારે તાંદુલ મુખમાં મૂકયા,
ઊડી છાપરી આકાશ;
તેણે સ્થાનક સુદામાને થયા
સપ્ત ભૂમિના આવાસ. સકળ૦

ઋષિપત્ની થયાં રુકિમણી સરખાં,
શ્યામ સરીખા પુત્ર;
એ વૈભવને કવિ શું વખાણે?
જેવું કૃષ્ણનું ઘરસૂત્ર સકળ૦

બીજી મૂઠી જ્યારે મુખમાં મૂકે,
ત્યાં ગ્રહ્યો રુકિમણીએ પાણ;
એમાં શું ઓછું છે સ્વામી?
અમને આપો ચતુરસુજાણ. સકળ૦

અષ્ટ મહાસિદ્ધિ ને નવ નિધિ,
તે મોકલી વણમાગી;
તો સુદામો નથી જાણતા,
જે ભવની ભાવટ ભાંગી. સકળ૦

Delhi Books Collection Digitized By eGangotri

હાથી ડોલે ને દુંદુભિ બોલે,
ગુણીજન ગાયે સાખી;
જડિત્ર હિંડોળો હેમનો બાંધી,
હીંચે છે હરિણાક્ષી. સકળ૦

હીરા રત્ન કનકમય કોટી,
હાર્યો દ્રવ્યે કુબેર;
કોટિધ્વજ લાખેણાં વાજે,
છપ્પન ઉપર ભેર. સકળ૦

વલણ

વાજે ભેર અખૂટ ભંડારની, ગૂઠા શ્રીગોપાળ રે;
એમ રાત વાતમાં વહી ગઈ, થયો પ્રાત:કાળ રે.

કડવું ૧૨ મું—રાગ મેવાડો

શુકજી કહે સાંભળ રાજન,
પરમ કથા પ્રૌઢી પાવન;
વળી વિચારે કમળાપતિ,
મેં સુદામા સરખું આપ્યું નથી.
અકેકો કણ જે તાંદુલ તણો,
ઈન્દ્રાસનપે મોંઘો ઘણો;
દુર્બળ દાસની ભાવની ભેટ,
પરમ વિધિએ ભરાયું પેટ.

Delhi Books Collection Digitized By eGangotri

હું એ સરખો થઈ વતમાં તાપું,
વૈકુંઠની રિદ્ધિ એને આપું;
સોળ સહસ્ર સાથે રુકિમણી,
સેવા કરે સુદામા તણી.

દ્વારિકા આપવા ઇચ્છા કરી,
વળી મૂઠી શ્રીનાથે ભરી;
ત્યારે રુકિમણીએ સહાયો હાથ,
અમે અપરાધ શો કીધો નાથ ?

સામું જોઈ રહ્યાં દંપતી,
સોળ સહસ્રમાં પ્રીછતી નથી;
સકળ નારીને કરુણા કરી,
તાંદુલ વહેંચી આપ્યા હરિ.

તેમાં મૂકયો સ્વાદ અપાર,
સ્ત્રી આગળ રાખ્યો મિત્રનો ભાર;
હાસ્યવિનોદ કરતાં વહી શર્વરી,
થયો પ્રાતઃ સુદામે જાચ્યા હરિ.

મને વિદાય કરો જગજીવન,
હરિ કહે પધારિયે સ્વામિન્;
વળી કૃપા કરજો કોઈ સમે,
ઠાલે હાથે નરહરિ નમે.

Delhi Books Collection Digitized By eGangotri

પ્રભુ પોળ લગી વોળાવા જાય,
કોડી એક ન મૂકી કર માંય;
સત્યાભામા કહે સુણો જાંબુવતી,
કૃપણ થયા કેમ કમળાપતિ ?

બ્રાહ્મણ, વળી મિત્ર પોતા તણો,
દરિદ્ર દુ:ખે પીડેલો ઘણો;
તેને વાળ્યો નિર્મુખ ફરી,
રુકિમણી કહે શું સમજો સુંદરી ?

ખેલડિયે વળગ્યા વિશ્વાધાર,
સુદામે જાતાં કર્યો વિચાર;
એના વૈભવ આગળ વળિયો છેક,
પણ મને ન આપી કોડી એક.

સ્ત્રીની ચોરી મનમાં ધરી,
પણ કાંઈક ગુપ્ત મને આપશે હરિ;
માધવ માર્ગે વોળાવા ગયા,
પછી સુદામોજી ઊભા રહ્યા.

વિઠ્ઠલજી હવે પાછા વળો,
તવ ભેટીને રોયા શામળો;
વળ્યા કૃષ્ણ ફરી મળજો કહી,
પણ કરમાં કાંઈ મૂક્યું નહીં.

Delhi Books Collection Digitized By eGangotri

ઋષિ સુદામે મૂક્યો નિઃશ્વાસ,
ચાલ્યો બ્રાહ્મણ થઈને નિરાશ;
ઋષિ પામ્યો મનમાં સંતાપ,
નિંદા કરવા લાગ્યો આપ.

હું માગવા આવ્યો મિત્ર કને,
તેપેં મૃત્યુ શે નાવ્યું મને?
સ્ત્રીજિત નર તે શબ સમાન,
રંડાએ ઉપજાવ્યું અપમાન.

એકાંતરા જો મળે જે અન્ન,
કંદમૂળ કીજે પ્રાશન;
ભૂખે મરે બાળક નાનકડાં,
ખવડાવીએ સૂકાં પાંદડાં!

પવન પ્રાશીને ભરીએ પેટ,
નીચ પુરુષની કરીએ વેઠ;
કાષ્ઠ કે તૃણનો વિક્રય કરી,
અથવા પરઘેર પાણી ભરી.

અથવા વિષ પીને પોઢીએ,
પણ મિત્ર કને કર નવ ઓડિયેં;
અજાચક વ્રત મૂક્યું આજ,
ખોઈ લાખ ટકાની લાજ.

Delhi Books Collection Digitized By eGangotri

દામોદરે મને કીધી દયા,
મૂળગા મારા તાંદુલ ગયા;
કૃષ્ણને ધન હોય ઘણું,
એને નગર છે સોના તણું.

બાંધી મૂઠી ને મિત્રાચાર,
મોટો નિર્દય નંદકુમાર;
એને આપતાં શું ઓછું થાત?
હું દુર્બળની ભાવઠ જાત.

સામા મળી મને ભેટયા હરિ,
પગ પખાળીને પૂજા કરી;
આસન વ્યંજન ભોજન ભલું,
મુજ રાંકને કોણ કરે એટલું?

એ સર્વ ધૂર્ત કપટીની સેવા,
લટપટ કરી મારા તાંદુલ લેવા;
જેનું લે તેનો નવ રાખે ભાર,
હરિને નિંદું તો મને ધિક્કાર.

જો ગોપીનાં મન લીધાં હરી,
તો કમળાનું સુખ પામ્યાં સુંદરી;
ઋષિપત્નીનાં ખાધાં અન્ન,
તો સાયુજ્ય મુક્તિ પામ્યાં સ્ત્રીજન.

Delhi Books Collection Digitized By eGangotri

ચંદન કુબ્જાજીનું લીધ,
સ્વરૂપ લક્ષ્મી સમાણું કીધ;
જો ભાજીપત્રનો કીધો આહાર,
તો વિદુર તાર્યો સંસાર.
કૃપા કરી મને જગદાધાર,
પણ મારું કર્મ કઠોર અપાર;
વિવેકજ્ઞાન સુદામે ગ્રહ્યું,
ધન ના'પ્યું તો સારું થયું.
ધને કરી મદ મુજને થાત,
ભકિત પ્રભુની ભૂલી જાત;
કૃષ્ણે મુજને કરુણા કરી,
દારિદ્રયદુઃખ ન લીધું હરિ.
સુખમાં વ્યાપે ક્રોધ ને કામ,
દુઃખમાં સાંભરે કેશવ—રામ.

વલણ

રામ સાંભરે વૈરાગ્યથી, ઋષિ જ્ઞાનઘોડે ચડયા;
વિચાર કરતાં ગામ આવ્યું, ધામ દેખી ભૂલા પડયા.

કડવું ૧૩ મું—રાગ રામગ્રી

શુકજી ભાખે હરિગુણ ગ્રામજી,
દીઠું સુંદર કંચન ધામજી;
મેડી અટારી અદ્ભુત કામજી,
ઋષિ વિચારે ભૂલ્યો ઠામજી.

Delhi Books Collection Digitized By eGangotri

ઠામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે,
ધામ કોઈ ધનવંતનાં;
એ ભુવનમાં વસતા હશે,
જેણે સેવ્યાં ચરણ ભગવંતનાં.

એવું વિચારી વિપ્ર વળિયો,
બધું નગર અવલોકન કરી;
ઋષિ ઈચ્છા આણી સર્વ જોતા,
તે ભુવન પાછળ ફેરા ફરી.

પછી સુદામો પડયા સાંસામાં,
વિચાર કરે વેગળા જઈ;
આ ભુવન કોણે કર્યાં હશે?
પર્ણકુટી મારી કયાં ગઈ?

એ વિશ્વકર્મા રચી રચના,
મનુષ્ય પામર શું કરે?
કુટુંબ મારું કયાં ગયું?
ઋષિ વામ—દક્ષિણ ફેરા ફરે!

કોઈ કીર્તિ બોલે, હસ્તી ડોલે,
હયશાળામાં હય હણહણે;
દાસી કનક કળશ ભરી પાણી લાવે,
ઊભા અયુત સેવક આંગણે.

Delhi Books Collection Digitized By eGangotri

થરથર ધ્રૂજે ને કાંઈ ન સૂઝે,
છૂટી જટા ઉઘાડે શીશ;
હસ્ત ગ્રહેવા જાય સુંદરી,
તવ ઋષિજી પાડે ચીસ.

હું તો સેજે જોઉં છું ઘર નવાં,
મને નથી કપટવિચાર;
હું તો વૃદ્ધ ને તમો જોબ્બન નારી,
છે કઠણ લોકાચાર.

ભોગાસક્ત હું નથી આવ્યો,
મને પરમેશ્વરની આણ;
જાવા દ્યો મને કાં દમો છો ?
તમને હજો કલ્યાણ.

આંગણામાં કોઈ નર નથી,
આ દીસે સ્ત્રીનું રાજ્ય;
તમને પાપણિયો પરમેશ્વર પૂછશે,
હુંને કાં આણો છો વાજ્ય ?

ઋષિપત્ની કહે, સ્વામી મારા,
તમે રખે દેતા શાપ !
દારિદ્રય ગયાં, નવાં ઘર થયાં,
શ્રીકૃષ્ણચરણ પ્રતાપ.

Delhi Books Collection Digitized By eGangotri

એવું કહી કર ગ્રહીને ચાલી,
તું સાંભળ પરીક્ષિત ભૂપ;
સુદામો પેઠા પોળમાં, થયું કૃષ્ણ સરખું રૂપ.

વલણ

રૂપે બીજા કૃષ્ણજી, જરા ગઈ ને જોબન આવિયું;
બેલડિયે વળગ્યાં દંપતી, જાણે કામજોડું લજાવિયું.

કડવું ૧૪ મું—રાગ ધનાશ્રી

નિજ મંદિર સુદામો ગયા, તત્ક્ષણ કૃષ્ણજી સરખા થયા;
દંપતી રાજ્યશોભાએ ભર્યાં, શ્રીકૃષ્ણ દુ:ખ દોહ્યલાં હર્યાં.

ઢાળ

દોહેલાં ગયાં ને સોહેલાં થયાં, ભર્યાં ભવન લક્ષ્મી વડે;
એક મુષ્ટિ તાંદુલ આરોગ્યા, તે લક્ષ જજ્ઞે નવ જડે!
વસન, વાહન, ભોજન, ભૂષણ ભવ્ય ભંડાર;
ચામર, આસન, છત્ર બિરાજે, ઈન્દ્રનો અધિકાર.
મેડી અટારી છજાં જાળી, ઝમકે મીનાકારી કામ;
સ્ફટિક મણિએ સ્થંભ જડયા છે, કૈલાસ સરખું ધામ.
વિશ્વકર્મા ભૂલે બ્રહ્મા, જોઈ ભવનનો ભાવ;
માણેક મુકતા રત્ન હીરા, ઝવેર જોત્ય જડાવ.
ગોળી ગોળા ઘડા ગાગર, સર્વ કનકનાં પાત્ર;
સુદામાના વૈભવ આગળ, કુબેર તે કોણ માત્ર?

Delhi Books Collection Digitized By eGangotri

ત્યાં જાચકનાં બહુ જૂથ આવે, નિર્મુખ કોઈ નવ જાય;
જેને સુદામો દાન આપે, લક્ષપતિ તે થાય.
ઋષિ સુદામાના પુર વિષે, ન મળે દરિદ્રી કોય;
કોટિધ્વજ ને લક્ષ દીપક, અકાળ મૃત્યુ ન હોય.
યદ્યપિ વૈભવ ઇન્દ્રનો પણ, ઋષિ રહે છે ઉદાસ;
વિજોગ રાખે જોગનો, થઈ ગૃહસ્થ પાળે સંન્યાસ.
વેદાધ્યયન અગ્નિહોત્ર હોમે, રાખે પ્રભુનું ધ્યાન;
માળા ન મૂકે, ભકિત ન ચૂકે, એવા વૈષ્ણવ ઋષિ ભગવાન.
સુદામાનું ચરિત્ર સાંભળે, તેનું દુ:ખદારિદ્રય જાય;
ભવદુ:ખ વામે, મુકિત પામે, મળે માધવરાય.
વીરક્ષેત્ર વડોદરું ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વેશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદ નામ.
સંવત સત્તર આડત્રીશમાં શ્રાવણ સુદ નિદાન;
તિથિ તૃતીયા ને ભૃગુવારે, પદબંધ કીધું આખ્યાન.
ઉદરનિમિત્તે સુરત સેવ્યું, ને ગામ નંદરબાર;
નંદીપુરામાં કીધી કથા, જથાબુદ્ધિ અનુસાર.

વલણ

બુદ્ધિમાને કથા કીધી, કરનારે લીલા કરી;
ભટ પ્રેમાનંદ નામ મિથ્યા, શ્રોતા બોલો જે હરિ.

★

Delhi Books Collection Digitized By eGangotri

Delhi Books Collection Digitized By eGangotri

કેટલાંક જીવનચરિત્રો

મા આનંદમયી
પાન ૧૨૮ : કિં. ૧–૨૫

મહર્ષિ દયાનંદ
પાન ૧૫૨ : કિં. ૧–૫૦

ગૌતમ બુદ્ધ
પાન ૧૮૪ : કિં. ૨–૦૦

ચૈતન્ય મહાપ્રભુ
પાન ૧૨૮ : કિં. ૧–૦૦

શિવાજી છત્રપતિ
પાન ૨૨૪ : કિં. ૨–૦૦

લક્ષ્મીબાઈ
પાન ૧૧૨ : કિં. ૧–૦૦

શ્રીમત્ શંકરાચાર્ય
પાન ૧૧૨ : કિં. ૧–૨૫

સ્વામી શ્રદ્ધાનંદ
પાન ૨૧૬ : કિં. ૧–૫૦

દેવર્ષિ નારદ
પાન ૮૦ : કિં. ૦–૫૦

ભક્ત પીપાજી
પાન ૮૮ : કિં. ૦–૫૦

પ્રેમાનંદ સ્વામી
પાન ૮૦ : કિં. ૦–૭૫

ગોસ્વામી તુલસીદાસ
પાન ૧૨૮ : કિં. ૦–૫૦

સ્વામી રામતીર્થ
પાન ૧૦૪ : કિં. ૧–૦૦

નાનભટ્ટ બાપા
પાન ૬૪ : કિં. ૦–૩૦

નાનક
પાન ૯૬ : કિં. ૦–૬૦

વીર દુર્ગાદાસ
પાન ૨૬૪ : કિં. ૨–૦૦

મહાત્મા મસ્તરામજી
પાન ૮૦ : કિં. ૦–૫૦

મહર્ષિ દુર્વાસા
પાન ૬૪ : કિં. ૦–૫૦

જડભરત
પાન ૬૦ : કિં. ૦–૨૫

કબીર સાહેબ
પાન ૯૬ : કિં. ૦–૪૦

ભક્ત અંબરીષ
પાન ૭૨ : કિં. ૦–૫૦

દત્તાત્રેય (અવધૂત)
પાન ૪૮ : કિં ૦–૩૦

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ